# ડીસા જીઆઈડીસીની જાગનાથ ટ્રેડિંગ કંપની ફૂડ વિભાગનો દરોડો

ડીસા
બનાસકાંઠા જિલ્લાના વેપારી મથક ડીસા શહેરમાં મોટાપાયે ખાધ પદાર્થમાં ભેળસેલ થતી હોવાની વારંવાર ઉઠી રહેલી એક જાગૃત નાગરિકની ફરિયાદના આધારે જિલ્લાની ફૂડ વિભાગની ટીમે ડીસા જી.આઈ.ડી.સી.માં ઓચિંતો દરોડો પાડી જાગનાથ ટ્રેડિંગ કંપની નામની પેઢીમાં ઊંડી પ્રયાસ કર્યો હતો.

ફૂડ વિભાગની ટીમે ડીસા જી.આઈ.ડી.સી.માં આવેલી જાગનાથ ટ્રેડિંગ કંપનીમાં પાડેલા દરોડા દરમ્યાન અદાણી ગ્રુપ



ફરિયાદોના પગલે સોમવારે ફૂડ વિભાગની ટીમે ડીસા જી.આઈ.ડી.સી.માં ત્રાટકી જાગનાથ ટ્રેડિંગ કંપની નામની પેઢી પર ઓચિંતો દરોડો પાડી સોયાબીન તથા રાયડા તેલના સેમ્પલ લીધા હતા. ડીસા શહેરમાં ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ થતી હોવાની ફરિયાદો વચ્ચે શહેરમાથી નકલી ઘી, નકલી તેલ અને મરચાં તથા મસાલા ઝડપાતા રહે છે.. ત્યારે ડીસાના તપાસ હાથ ધરી હતી. આ કાર્યવાહી દરમ્યાન ફૂડ વિભાગની ટીમે આ પેઢી પરથી શંકાના આધારે રાયડા અને સોયાબીન તેલના નમૂના લઈ તપાસ અર્થે મોકલ્યા હતા. ફૂડ વિભાગની ટીમે જાગનાથ ટ્રેડિંગ કંપની પર ઉપલબ્ધ તેલના જથ્થાના સ્ટોકની પણ તપાસ હાથ ધરી હતી.જોકે મીડિયા કર્મીઓને જોઈ જાગનાથ ટ્રેડિંગ કંપનીના સંચાલકોએ કેમેરાથી દુર ભગવાનો કંપનીના તેલના ખાલી ડબ્બાનો મોટો જથ્થો નજરે પડ્યો હતો. ત્યારે આવી જાણીતી કંપનીના ખાલી ડબ્બાનો આટલો મોટો જથ્થો ક્યાંથી અને કઈ રીતે આ પેઢી સુધી આવ્યો તેની ઊંડી તપાસ પણ જરૂરી બની રહે છે.આ ખાલી ડબ્બા મળતા આ પેઢીમાં અદાણી વીલમાર્ટ કંપનીની ફોર્ચ્યુન બ્રાન્ડના તેલનું પણ ડુપ્લિકેટિંગ થતું હોવાની શંકા મજબૂત બની છે.

# મોડાસાના ગઢડા ગામે પાંચ બંધ મકાનોને નિશાન બનાવી તસ્કરો લાખ્ખોની લૂંટ ચલાવી રફુચક્કર

મોડાસા, તા.૪
અરવલ્લી જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં રેકી કરી બંધ મકાનોને



નિશાન બનાવી ઘરફોડ ચોરીને અંજામ આપતી ઘરફોડ ગેંગ સક્રિય થતા ગ્રામ્યવિસ્તારોમાં ફફડાટ ફેલાયો છે. તસ્કરો ઠંડીમાં બેફામ બની લૂંટ ચલાવતા પોલીસતંત્રને ઠંડીમાં પરસેવો પડાવી રહ્યા છે. મોડાસાના ગઢડા ગામે ૫ બંધ મકાનોના નકુચા કટરથી કાપી બેખોફ ઘરમાં ઘુસી લાખ્ખો રૂપિયાની લૂંટ ચલાવતા ગ્રામજનોમાં પોલીસતંત્રની કામગીરી સામે ઉગ્ર રોષ ફાટી નીકળ્યો છે.

રાજેન્દ્રનગર પોલીસ ચોકીથી ૨ કિમી દૂર આવેલા ગઢડા ગામમાં રાત્રે નિશાચરો ત્રાટકી લૂંટ ચલાવતા પોલીસતંત્રમાં દોડધામ મચી હતી. ઘરફોડ ગેંગે એકજ રાતમાં બહાર રહેતા ૫ પરિવારોના બંધ મકાનમાં ધાડ પાડી હતી. શાહ હસમુખ લાલ છગનલાલ, દિલીપભાઈ જેઠાભાઈ પરમાર, હેમંત કુમાર કાંતિલાલ પરમાર, કમલેશભાઈ સુરેશભાઈ પરમાર અને દિનેશભાઈ સુરેશભાઈ પરમારના બંધ મકાનોના નકુચા કટરથી કાપી ઘરમાં રહેલી રોકડ રકમ, સોના ચાંદીના સિક્કા, દાગીના, મોંઘીદાટ સાડીઓ, કપડાં સહીત અન્ય ચીજવસ્તુઓની લૂંટ ચલાવી ફરાર થઈ જતા આજુબાજુમાં રહેતા પરિવારોએ ઘરના દરવાજા ખુલ્લા જોતા તસ્કરો કરામત કરી ફરાર થઈ ગયા હોવાનું જણાવતા ઘર માલિકોને જાણ કરતા ઘર માલિકો દોડી આવી મોડાસા ગ્રામ્ય પોલીસને જાણ કરતા તાબડતોડ ઘટનાસ્થળે ધસી આવી પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

# ડીસા હાઈવે પર બંધાનાર નવા ઓવરબ્રિજનું શિલાસ્થાપન : બે વર્ષમાં કામ પૂર્ણ કરાશે

ડીસા
ભાજપની આગેવાની હેઠળની કેન્દ્રની એનડીએ સરકારે બનાસકાંઠાના મુખ્ય વહેપારી મથક ડીસા ખાતે હાઈવે રોડ પર સર્જાતી ધમધમતો રહેતો હોઈ આ હાઈવે રોડ પર ટ્રાફિક જામની સમસ્યા લગભગ રોજિંદી બની ગઈ છે અને ડીસા હાઈવે પર પ્રાણઘાતક અકસ્માતોની ઘટનાઓ પણ હકારાત્મક કાર્યવાહીની ખાતરી આપી ડીસાના આગેવાનો તેમજ અન્ય સંગઠનોના અગ્રણીઓને મનાવી લીધા હતા.દરમ્યાન, વિધાનસભાની ચૂંટણી પૂર્ણ થયા



ટ્રાફિક સમસ્યાના કાયમી ઉકેલ માટે નવા એલિવેટેડ ઓવરબ્રિજની ભેટ આપ્યા બાદ આજે કેન્દ્રિય પરિવહન મંત્રી મનસુખભાઈ માંડવિયાએ ડીસા ખાતે નવા એલિવેટેડ ફ્લાય ઓવરબ્રિજનું વિધિવત રીતે ખાત મુહૂર્ત કરી સૂચિત ઓવરબ્રિજના નિર્માણ કાર્યના શ્રીગણેશ કરાવ્યા હતા. ડીસા હાઈવે પર બંધાનાર ચાર કિલોમીટર લાંબા ઓવરબ્રિજનું ખાતર્મુહુત કર્યા બાદ કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંવીયાએ જાહેર સભાને સંબોધી કેન્દ્ર સરકારના વિકાસલક્ષી કાર્યોને પ્રજા સમક્ષ રજૂ કર્યા હતા. ડીસા ખાતેથી પસાર થતો નેશનલ હાઈવે નંબર ૨૭ વાહનોની અવરજવરથી સતત ચિંતાજનક હદે વધી ગઈ છે.આવી સ્થિતિમાં છેલ્લા કેટલાક વર્ષોથી ડીસા હાઈવે પર પીલ્લર આધારિત પુલ બાંધવાની માંગણીએ જોર પકડ્યું હતું.એક તબક્કે ટ્રાફિક જામની રોજિંદી રામાયણ તેમજ વધતા જતા ગમખ્વાર અકસ્માતોથી અકળાયેલા ડીસાના જાગૃત અગ્રણીઓ તેમજ નગરના વિવિધ સંગઠનોએ ગુજરાત વિધાનસભાની ચૂંટણી પૂર્વે ઓવરબ્રિજની માંગણીના સમર્થનમાં એક મંચ પર આવી જઈ જરૂર પડ્યે ગત વિધાનસભા ચૂંટણીનો બહિષ્કાર કરવાની ચીમકી પણ આપી હતી.જોકે વિધાનસભા ચૂંટણી પૂર્વે કેન્દ્રીય મંત્રી હરિભાઈ ચૌધરીએ ઓવરબ્રિજના મામલે બાદ ડીસા હાઈવે પર એલિવેટેડ ફલાયઓવર બનાવવાની જરૂરિયાતનો અભ્યાસ કરાવી આ માંગણીને તુરંત ન્યાય આપી કેન્દ્ર સરકારે ડીસાથી પસાર થતાં નેશનલ હાઈવે પર નવા ઓવરબ્રિજના નિર્માણ માટે ૨૨૭ કરોડ રૂપિયાની ગ્રાન્ટ પણ મંજૂર કરી દીધી હતી.પરંતુ મંજૂરીની જાહેરાત બાદ ઓવરબ્રિજનું કામ ચાલુ થવામાં વિલંબ થતા નગરજનોમાં તર્કવિતર્ક થવા લાગ્યા હતા. જોકે આજે આ ફલાયઓવર બ્રિજનું કેન્દ્રિય પરિવહન મંત્રી મનસુખભાઈ માંડવિયાએ વિધિવત રીતે ખાતમુહૂર્ત કરાવી બાંધકામ શરૂ કરાવી દેતાં નગરજનો તેમજ વાહનચાલકોએ હાશકારો અનુભવ્યો છે.

# હિંમતનગરમાં ૧૦ કરોડના ખર્ચે સીસીટીવી કેમેરા લગાવાશે

## જિલ્લા પોલીસવડાની કચેરીમાં મુખ્ય કંટ્રોલરૂમ ઉભો કરાશે : સિવિલ સર્કલ તથા ન્યાયમંદિર વિસ્તારમાં અદ્યતન કેમેરા લાગી ગયા

હિંમતનગર, તા. ૪
સાબરકાંઠા જિલ્લામાં ચોરી, લૂંટફાટ તથા અકસ્માતના ગુનાઓમાં વધારો થઈ રહ્યો છે. તો બીજી તરફ વાહનચાલકો પણ ટ્રાફીકના નિયમોનું સરેઆમ ઉલ્લંઘન કરી રહ્યા છે. ત્યારે સાબરકાંઠાને સંપૂર્ણ રીતે સીસીટીવીથી સજ્જ કરવા માટે સરકારે નિર્ણય કર્યો છે. ત્યારે પ્રથમ તબક્કામાં હિંમતનગરમાં વિવિધ સ્થળે મળી અંદાજે રૂ. ૧૦ કરોડના ખર્ચે નાઈટવિઝન વાળા ૨૦૦ કેમેરા લગાવવામાં આવશે. જે મુજબ હિંમતનગરમાં કેટલાક સ્થળે આવા અદ્યતન કેમેરા લગાવી દેવાયા છે.

આ અંગે જિલ્લા પોલીસવડા ચૈતન્ય માંડલીકના દાવા મુજબ સાબરકાંઠાના મુખ્ય મથક એવા હિંમતનગર શહેરમાં લૂંટ અને ગુનાખોરીના બનાવોમાં ઘટાડો થાય તથા ઘણી વખત અકસ્માત સર્જી ભાગી જતા વાહનચાલકોને શોધવામાં પોલીસને ખુબજ મહેનત કરવી પડે છે તથા રાત્રીના સમયે થતી ચોરી અને લૂંટફાટની ઘટનાઓના સુરાગ મેળવવા માટે પોલીસને ખુબજ મથામણ કરવી પડે છે. ઉપરાંત પ્રજાના જાનમાલનું રક્ષણ કરવા માટે રાજ્ય સરકારના ગૃહ વિભાગે શહેરો, તાલુકા મથક તથા અન્ય મોટા ગ્રામ્ય વિસ્તારોમાં લોકોની સલામતી માટે અદ્યતન સીસીટીવી કેમેરા લગાવવાનો નિર્ણય કર્યો છે.

જેના ભાગરૂપે હિંમતનગરમાં પ્રથમ તબક્કાનું કામ શરૂ થઈ ગયુ છે જે મુજબ સિવિલ સર્કલ તથા ન્યાયમંદિર વિસ્તારમાં આવા કેમેરા લગાવી દેવાયા છે. આ કેમેરાઓની એ ખાસીયત છે કે રાત્રે કે દિવસના સમયે જો કોઈ વાહનચાલક ટ્રાફીકના નિયમોનો ભંગ કરશે તો પણ તેના વાહનની નંબર પ્લેટ પણ સીસીટીવી કેમેરામાં આવી જશે. જેથી નિયમોનો ભંગ કરનારાઓની હવે ખેર નથી.

હિંમતનગમરાં આગામી એકાદ બે માસમાં સીસીટીવી કેમેરા લગાવવાની કામગીરી પૂર્ણ કરવાનો લક્ષ્યાંક રખાયો છે જે પૂર્ણ થઈ ગયા બાદ તેનો કંટ્રોલરૂમ ડીએસપી ઓફીસના નવા બિલ્ડીંગમાં કાર્યરત કરી દેવાશે જેના લીધે આગામી સમયમાં હિંમતનગરમાં વાહનચોરીની ઘટનાઓમાં ઘટાડો થવાની શક્યતા નકારી શકાતી નથી. સાથોસાથ વિવિધ ગુનાઓમાં પોલીસને થાપ આપી નાસતા ફરતા કેટલાક તત્વો પણ સીસીટીવી કેમેરામાં આવી જતા પોલીસને તેમને ઝડપી લેવા માટે ઝાઝા પ્રયાસ નહી કરવા પડે.

# ખેડબ્રહ્માની શહેર મોતીનગર સોસાયટીના બંધ મકાનમાં ચોરી

## આજ મકાનમાં થોડા માસ અગાઉ પણ ચોરી થયેલી છે હજુ તેની તપાસ ચાલુ છે ત્યા આ બીજો બનાવ

ખેડબ્રહ્મા, તા. ૪
ખેડબ્રહ્મા શહેરના પોશ વિસ્તાર ગણાતા એવા મોતીનગર સોસાયટીમા બંધ ઘરના દરવાજા તોડી નાખી સોનુ તથા રોકડ રકમની ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

ખેડબ્રહમાં પોલીસ સ્ટેશનથી મળતી વિગતો અનુસાર મોતીનગર સોસાયટીમાં રહેતા દિલીપભાઈ અમૃતલાલ બારોટનો બંગલો આવેલ છે તેઓ ૨૯ જાન્યુઆરીના રોજ લગ્ન પ્રસનગે આવેલા અને ઘરમાં જુદી જુદી નવી ચલણી નોટો કિંમત રૂ. ૪૫૦૦૦ અને બે તોલાની સોનાની ચેન અને બે જોડી કપડા ઘરે મુકેલ અને તેજ દિવસે ગંભોઈ મુકામે સબનધિને અકસ્માત થતાં ત્યાં ગયા હતા અને સીધા અમદાવાદ મુકામે ગયા હતા તા ૩ ફેબ્રુઆરીના રોજ રાત્રીના સમયે ઘરનો મુખ્ય દરવાજો અને જારી તોડી કોઈ ચોર ઈસમો ઘરમાં રાખેલ રકમ અને ચેન લઇ ચોરી કરી ભાગી ગયા હતા. આ અંગે દિલીપભાઈ બારોટે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી.



ગ્લોબલ વૉર્મિંગના કારણે દેશમાં સતત ઋતુઓમાં ભારે ઉલટફેર જોવા મળી રહ્યો છે. ત્રણેય ઋતુઓ હવે એકસરખી રહી નથી. ક્યારેક ક્યારેક ખેડૂતોના સારા પાકને ઋતુઓનું ગ્રહણ લાગી જાય છે, જેના કારણે સારામાં સારો પાક પણ બગડી જાય છે અને ખેડૂતોને રોવાનો વારો આવે છે. અરવલ્લી જીલ્લાના વાતવરણમાં એકાએક પલટો આવતા આકાશે વાદળો છવાતા ઠંડીમાં આંશિક રાહત અનુભવાઈ રહી છે. બીજીબાજુ માવઠાની દહેશત પેદા થતા ખેડૂતોના માથે ચિંતાની લકીરો તણાઈ હતી. અરવલ્લી જીલ્લાના પ્રજાજનો છેલ્લા સપ્તાહથી ગાત્રો થીજાવતી ઠંડીમાં ઠુઠવાઈ ગયા હતા. સોમવારે વહેલી સવારે વાતાવરણમાં એકાએક ભારે પલટો જોવા મળ્યો હતો.

# મોડાસામાં જાયન્ટ્સ અને જેસીઆઈના સહયોગથી દિવ્યાંગો માટે "આવાજ દો હમેં" કાર્યક્રમ યોજાયો

મોડાસા, તા. ૪
મોડાસા શહેરમાં જેસીઝ હોલમાં મુકબધીર માનવ સેવા ટ્રસ્ટ અરવલ્લી અને જાયન્ટ્સ અને જેસીઆઈ મોડાસાના સંયુક્ત ઉપક્રમે શ્રવણમંદ યુવાન-યુવતીઓ કર્યા હતા.

રવિવારે મોડાસા જેસીઝ હોલમાં યોજાયેલ "આવાજ દો હમેં" કાર્યક્રમમા અરવલ્લી જીલ્લા સહીત અન્ય જીલ્લામાંથી ૩૭૦થી વધુ મુકબધીર, શ્રવણમંદ અને નિલેશ જોશી અને દેવાંગ પટેલે જણાવ્યું હતુંકે કાર્યક્રમનો ઉદેશ શ્રવણ મંદ તેમજ મૂકબધિર દિવ્યાંગોને શિક્ષણ મેળવ્યા બાદ તેમની મૂળ જવાબદારી નોકરીથી વંચિત તેમજ લગ્ન, સમાજ જીવન,




ભાઈઓ તથા બહેનો માટે "આવાજ દો હમેં" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના થકી મૂક-બધિર લોકોની સમસ્યાઓને વાચા આપવાનો પ્રયત્નને નગરજનોએ અને અગ્રણીઓએ આવકાર્યો હતો. મૂક-બધિરોએ વિવિધ રંગારંગ કાર્યક્રમ આપી હાજર શ્રોતાઓને મંત્રમુગ્ધ દિવ્યાંગો ઉપસ્થિત રહી તેમની અંદર રહેલી પ્રતિભાના ડાન્સ સહીત વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો થકી શહેરીજનો સમક્ષ રજુ કરતા નગરજનો પણ અંચબિત બન્યા હતા અને ભરપૂર પ્રશંસા કરી હતી. "આવાજ દો હમેં" કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવનાર અમિત કવિ, સમાજસેવી કુટુંબ માટે સરકાર તરફથી સહાય મળે તે આશયથી શ્રવણમંદ દિવ્યાંગો માટે હરેશભાઈ સતત ભારે જહેમત ઉઠાવીને "આવાજ દો હમેં"ના માધ્યમથી સરકારને અને પ્રજાજનોને સંદેશો અપાતા હોવાથી દિવ્યાંગ બાળકોને સહયોગ અને બળ મળી રહે તે માટે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

# માલપુર-બાબલીયા ચાર રસ્તા પર બે બાઈક સામ સામે ભટકતા એકનું મોત

મોડાસા, તા.૪
માલપુર તાલુકાના ચોરીવાડ ચાર રસ્તાથી જીતપુરથી બાબલીયા ચાર રસ્તા રોડ પર રવિવારે રાત્રીના સુમારે પસાર થતી બાઈક સાથે રોંગ સાઈડથી ધસી આવેલા બાઈક ચાલકે અથડાવી દેતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં મહીસાગર જીલ્લાના ભાણસીમલ ગામના રાયસીંગભાઈ વેલજીભાઈ ડામોર નામના વ્યક્તિનું ઘટનાસ્થળે મોત નિપજતા ભારે ચકચાર મચી હતી. રોંગ સાઈડ અથડાવનાર બાઈક ચાલક હિતેશભાઈ કચરાભાઈ પટેલના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ ૧૦૮ ઈમર્જન્સી એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થે દવાખાને ખસેડાયો હતો. અકસ્માતના પગલે દોડી આવેલી માલપુર પોલીસે મૃતકના પી.એમ. માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મહીસાગર જીલ્લાના સંતરામપુર તાલુકાના ભાણસીમલ ગામના રાયસીંગભાઈ વેલજીભાઈ ડામોર અને ધનાભાઈ અર્જુનભાઈ તાવીયાડ (રહે, દલીયાટી, સંતરામપુર) બાઈક સાથે ચોરીવાડ ચાર રસ્તાથી બાબલીયા ચાર રસ્તા પરથી પસાર થતા હતા ત્યારે માલપુર ઠેઠવાના બાઈક ચાલક હિતેષભાઈ કચરાભાઈ પટેલે તેના કબ્જાની હીરો હોન્ડા સ્પ્લેન્ડર બાઈક પુરઝડપે બેદરકારી અને ગફલતભરી રીતે હંકારી લાવી પોતાની તથા બીજાની જિંદગી જોખમાય ચલાવી રોંગ સાઈડ અથડાવી દેતા રાયસીંગભાઈના શરીરે ગંભીર ઈજાઓ થતા ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું. બાઈક ચાલક હિતેશ પટેલ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા. અને ધનાભાઈના શરીરે ઈજાઓ પહોંચતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ બંને ઈજાગ્રસ્તોને સારવાર અર્થે દવાખાને ખસેડ્યા હતા. અકસ્માતની ઘટનાના પગલે દોડી આવેલી માલપુર પોલીસે બાઈક ચાલકના મૃતદેહને પી.એમ. માટે ખસેડી ધનાભાઈ અર્જુનભાઈ તાવીયાડની ફરિયાદના આધારે બાઈક ચાલક હિતેષભાઈ કચરાભાઈ પટેલ વિરુદ્ધ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# આંજણા ચૌધરી સમાજનો છઠ્ઠો સપ્તપદી સમૂહ લગ્નોત્સવ ભેંસાવાડા પાસે યોજાશે

મોડાસા, તા. ૪
આંજણા ચૌધરી સમાજનો છઠ્ઠો સપ્તપદી સમૂહ લગ્નોત્સવ ભેંસાવાડા પાસે યોજાશે. જેમાં ૧૬ યુગલો દામ્પત્યજીવનની શરુઆત કરશે. અરવલ્લી આંજણા ફાઉન્ડેશન દ્વારા આ સમૂહ લગ્નોત્સવનું આયોજન કરાયુ છે.

વર્તમાન સમયની સૌથી વધુ માંગ છે સમૂહ લગ્નોત્સવ સમૂહ લગ્નોત્સવથી આઠ ફાયદો તો સીધા થાય છે.

સમય, અર્થ, સુખ, સમર્પણ, સંગઠન, સાહસ, શિક્ષા અને સામાજિક સમરસતા વધે છે. સમૂહ લગ્નોત્સવની થેરોપીથી પણ સમાજની તબિયત સુધરતી હોય છે. એ સિવાય અપ્રત્યરૂપે ઘણા લાભ સમૂહ લગ્નોત્સવમાં થાય છે. અખિલ ભારતીય સ્તરે કહીએ કે, ગુજરાત અથવા અરવલ્લીના સ્તરે વાત કરીએ તો શ્રી આંજણા ચૌધરી સમાજે પણ જમાનાની સાથે પડખું બદલ્યું છે. મુઠ્ઠીભર યુવા ચેતનાએ આજથી છ વર્ષ પહેલાં સમૂહ લગ્નોત્સવ પ્રારંભ કર્યો હતો. સમાજનો બહોળો પ્રતિસાદ મળતાં અરવલ્લી આંજણા ફાઉન્ડેશનના નેજા હેઠળ આયોજીત છઠ્ઠો સપ્તપદી સમૂહ લગ્નોત્સવ ૧૦ ફેબ્રુઆરી, ૨૦૧૯ને રવિવારના રોજ ફુલ ગુલાબી માહોલમાં અને વસંતી વાયરાઓની સાક્ષીમાં ભેંસાવાડાની પાદરમાં સંગીતમય અને હજારો સમાજજનોની હૂંફાળી હાજરીમાં યોજાશે.

સમૂહ લગ્નોત્સવની યુદ્ધસ્તર પર તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે. વ્યવસ્થામાં કોઈ ખામી ન રહી જાય તેની ઝીણી કાળજી આંજણા ફાઉન્ડેશનના યુવાઓ દ્વારા લેવાઈ રહી છે. કંકુ છાંટીને નેહ નિતરતી કંકોત્રીઓ ગામેગામે પહુંચી ગઈ છે. સોળ યુગલો ભેંસાવાડાની પાદરમાં બાંધેલા માંડવામાંથી દામ્પત્ય જીવનની નવીન સફર ખેડશે. આ સમૂહલગ્નોત્સવમાં ૧૬ યુગલો રેશમ ગાંઢે ગૂંથાશે, આ સમૂહલગ્નોત્સવમાં ૧ લાખ સ્કે. ફુટનો મંડપ, પ્રકાંડ બ્રાહ્મણો દ્વારા મંત્રોચ્ચાર, જાનૈયાઓનું સંગીતના સથવારે અને ૧૫ હજાર લોકોનો જમણવાર, અન્નનો બગાડ ના થાય તે માટે સ્વયં સેવકો નજર રાખશે. ભોજનને ટેબલ સુધી પહોંચાડવાની, ટ્રાફિક શિસ્તને જાળવવા ચૂનાની માર્કિંગ, દિવ્યાંગો અને સિનીયર સિટીઝન માટે વ્હીલચેર, દૂધ પીતાં બાળકો માટે ઘોડિયાઘર અને મેડીકલની ટીમ અને અગ્નિશામક દળની વ્યવસ્થા રહેશે.

# પ્રાંતિજ ખાતે ૨ કરોડ ૪૫ લાખના ખર્ચે તૈયાર થયેલ નવનિર્મિત તાલુકા પંચાયત ભવનનું લોકાપર્ણ

પ્રાંતિજ, તા. ૪
સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ૨ કરોડ ૪૫ લાખના ખર્ચે તૈયાર થયેલ તાલુકા પંચાયત ભવનનુ લોકાર્પણ રાજય કક્ષાના અને પંચાયત, પર્યાવરણ વિભાગના મંત્રી જયદ્વથસિંહજી પરમારના વરદ હસ્તે ખુલ્લું મુકવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય કર્મચારી ગણ ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા પંચાયતના મહિલા પ્રમુખ રતનબેન કે. સુતરીયાનું નામ તકતીમા ના હોવાથી તેવોએ મંચ ઉપરથી સભાનો બહિષ્કાર કરી




કુષીમંત્રી જયદ્વથસિંહજી પરમારના હસ્તે ખુલ્લું મુકવામાં આવ્યું હતું. જિલ્લા પંચાયતના મહિલા પ્રમુખનું નામ તકતીમાં ના હોવાથી સભાને પ્રણામ કરી મંચ ઉપરથી ચલતી પકડી.

પ્રાંતિજ રેલ્વે સ્ટેશન વિસ્તારમાં ૨ કરોડ ૪૫ લાખ ના ખર્ચે તૈયાર થયેલ અદ્યતન સુવિધાયુક્ત નવ નિર્મિત થયેલ તાલુકા પંચાયત ભવનનો લોકાપર્ણ સમારોહ રાજયકક્ષાના કુષિમંત્રી ગજેન્દ્રસિંહ પરમાર, પંચાયત પ્રમુખ રતનબેન કે. સુતરીયા, પૂર્વ મંત્રી જયસિંહ ચૌહાણ, જીલ્લા કલેક્ટર પ્રવિણા. ડી.કે., ડીડીઓ સાબરકાંઠા બેંકના ચેરમેન મહેશભાઈ પટેલ, પ્રાંતિજ-તલોદ પાંન્ત અધિકારી સોનલબા પઢેરીયા, પ્રાંતિજ તાલુકા વિકાસ અધિકારી જે.એચ. કાપડીયા તથા તાલુકા પ્રમુખ બેચરસિંહ રાઠોડ તથા કારોબારી અધ્યક્ષ કૌશિકભાઈ પટેલ સહિત કારોબારી સભ્યો તથા ચલતી પકડી હતી તો તેમણે સરકારને દલિત વિરોધી સરકાર છે. તેવો આક્ષેપ કર્યો હતો તો રાજયકક્ષાના કુષીમંત્રી જયદ્વથસિંહ પરમાર દ્વારા સરકારના થતાં કામોની પ્રશંસા કરી હતી અને આ સરકારમાં દરેક જગ્યાએ અદ્યતન સુવિધાયુકત સરકારી મકાનો બનાવવામાં આવ્યા છે. જેથી લોકોને સુવિધાની સાથે સરકારી કામગીરી સરળ મળી રહે તેવી વ્યવસ્થા પણ કરવામાં આવી છે.